**શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.**
મુ.પો. સાયણ, તા. ઓલપાડ, જી. સુરત – ૩૯૪૧૩૦.
ફોન : (૦૨૬૨૧) ૨૪૨૧૪૯, ૨૪૨૨૭૮
મો. નં. : ૯૯૭૮૨ ૪૨૧૪૯, ફેક્ષ નં. (૦૨૬૨૧) ૨૪૨૧૪૮
GST No. : 24AAAAS4058F1ZQ

**Shree Sayan Vibhag Sahakari Khand Udyog Mandli Ltd.**
At.Po. Sayan, Ta. Olpad, Di. Surat - 394130
Ph. No. (02621) 242149, 242278
Mo. No. : 99782 42149, Fax No. (02621) 242148
E-mail : sayansugar@gmail.com

જા.નં. સાયણ/એડીએમ/ખેતી/૨૦૨૩/ ૭૨૦૩ તા. ૨૯/૦૬/૨૦૨૩

પ્રતિ,
શ્રી ______________________ (ગામ પ્રતિનિધિશ્રી)
મુ.પો.: ______________________
તાલુકો : ______________________
**જીલ્લો : સુરત.**

મહાશય,

**સવિનય આપના ગામનાં તમામ સભાસદશ્રીઓને જાણ કરશો કે...,**

રોપાણ સીઝન ૨૦૨૩–૨૪ દરમ્યાન સંસ્થા દ્વારા બિયારણ/એક આંખના રોપા આપવા અંગેનાં ભાવ તેમજ નીતિ નીચે જણાવ્યા મુજબથી નક્કી કરવામાં આવેલ છે.

**જે સભાસદો પોતાના ખર્ચે કાપણી અને વાહતુક થી (અંદરો–અંદર) શેરડી બિયારણ લેવા માંગતા હોય તો...**

જે સભાસદની શેરડી પિલાણ સીઝન ૨૦૨૩–૨૪ માં આવવાની હોય તો તેઓએ ડીપોઝીટ પેટે ટન દીઠ **રૂ. ૯૦૦/–** અને જે સભાસદોની શેરડી પિલાણમાં ન આવવાની હોય તો ડીપોઝીટ પેટે ટન દીઠ **રૂ. ૩,૦૦૦/–** મુજબ ભરવાના રહેશે.

**જે સભાસદો મહારાષ્ટ્ર રાજ્યનું કોર્મશિયલ બિયારણ લેવા માંગતા હોય તો...**

જે સભાસદોની શેરડી પિલાણ સીઝન ૨૦૨૩–૨૪ માં આવનાર હોય તો તેમણે ડીપોઝીટ પેટે પ્રતિ ટને **રૂ. ૨૫૦૦/–** જમા કરાવવાના રહેશે, તેમજ શેરડી પિલાણમાં આવનાર ન હોય તો પ્રતિ ટને **રૂ. ૪,૭૦૦/–** જમા કરાવી સંસ્થાના નીતિ–નિયમોનુસાર ફોર્મ ભરી નોંધણી કરાવવાની રહેશે. બિયારણ માંગણી કરનાર સભાસદોને થયેલ નોંધના ક્રમાનુસાર આપવામાં આવશે.

જે સભાસદો ગુજરાત/મહારાષ્ટ્ર રાજયમાંથી ઉપલબ્ધ શેરડી જાતોનાં રોપા લેવા માંગતા હોય તો તેઓએ ડીપોઝીટ પેટે પ્રતિ રોપા દીઠ **રૂ. ૦૧/–** નોંધણી કરી જમા કરાવવાના રહેશે.

વધુમાં જરૂરીયાતમંદ સભાસદોને માંગણીના ૪૫ દિવસ અગાઉ નોંધણી કરાવી લેવા જણાવવામાં આવે છે.

**નોંધ :**

(૧) **જે સભાસદશ્રીઓને રોપાણ સીઝન ૨૦૨૩–૨૪ માં ઓકટોબર માસનું વાવેતર મળેલ હોય તેઓ એક આંખના રોપા તથા ટુકડા મારફત શેરડી જાત– કો.સી. ૬૭૧, કો. ૮૬૦૩૨, કો. ૮૬૦૦૨, એમ.સી. ૭૦૭, કો. ૦૨૩૮ નું જ વાવેતર તા. ૧૫/૦૮/૨૦૨૩ થી કરી શકશે.**

(૨) એક આંખનાં રોપાથી વાવેતર કરવા માટેની શેરડી જાતો– કો.સી. ૬૭૧, કો. ૮૬૦૩૨, કો. ૮૬૦૦૨, એમ.સી. ૭૦૭, કો. ૦૨૩૮, કો.એમ. ૦૨૬૫, વી.એસ.આઈ. ૦૮૦૦૫, કો.વી.એસ.આઈ. ૧૮૧૨૧.

(૩) વાવેતર સિઝન ૨૦૨૩–૨૪ માં તા. ૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં શેરડીના એક આંખના રોપા લેનારની ડિપોઝીટ સિવાયની બાકીની રકમ પિલાણ સીઝન ૨૦૨૨–૨૩ ના છેલ્લા હપ્તામાંથી તથા તા. ૦૧/૧૦/૨૦૨૩ થી સીઝનના અંત સુધીમાં એક આંખના રોપા લેનાર સભાસદની કપાત પિલાણ સીઝન ૨૦૨૩–૨૪ ના પ્રથમ હપ્તામાંથી કરવામાં આવશે.

(૪) એક આંખના રોપા માંગણી ફોર્મ તથા કોર્મશિયલ બિયારણ(મહારાષ્ટ્ર) માંગણી ફોર્મ **તા. ૦૩/૦૭/૨૦૨૩** નાં રોજથી સંસ્થાના ખેતી વિભાગમાં ઓફિસ સમય દરમ્યાન (રવિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય) ભરી શકાશે.

(૫) **જે સભાસદશ્રીઓ એક આંખના રોપા વડે શેરડીનું વાવેતર કરવા માંગતા હોય તેમણે ફરજીયાત તા. ૦૩/૦૭/૨૦૨૩ થી તા. ૩૧/૦૭/૨૦૨૩ સુધીમાં નોંધણી તથા ડીપોઝીટ રકમ જમા કરાવવાની રહેશે, જેથી રોપા વિતરણનું યોગ્ય આયોજન કરી શકાય.**

'સહકાર સહ,'

આપનો વિશ્વાસુ,

મેનેજીંગ ડિરેકટર

KHETI CIR AGR 20